માજી સૈનિકો માટે નોકરીમાં
જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ–આરઈએસ-૧૦૨૦૦૩–૯૮૭–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૭/૭/૦૩.

વંચાણે લીધાઃ– ૧. સા.વ.વિ.નાં તા.૪–૩–૧૯૭૫ નાં જાહેરનામા ક્રમાંકઃ– જીએસ/૭૫–૯–આરઈએસ–૧૦૭૫–૧૦૯૦–ગ,
૨. સા.વ.વિ.ના તા.૯–૪–૮૧નાં જાહેરનામા ક્રમાંકઃ– આરઈએસ/૧૦૭૫–૧૦૯૦–ગ.૨,
૩. સા.વ.વિ.નો તા.૨૨–૭–૮૨નો ઠરાવ ક્રમાંકઃ– આરઈએસ–૧૦૮૧–જીઓઆઈ–૫૮–ગ.૨,
૪. સા.વ.વિ.નો તા.૧૦–૨–૯૮ નો પરિપત્ર ક્રમાંકઃ– પીએસસી–૧૦૮૪–૨૫૯–ગ.૨,
૫. સા.વ.વિ.નો તા.૨૦–૨–૦૧ નો ઠરાવ ક્રમાંકઃ– આરઈએસ–૧૦૨૦૦૦–યુઓ–૯૫૭–ગ.૨.

પ રિ પ ત્ર :–

રાજય સરકારની જગ્યાઓમાં/સેવાઓમાં ભરતી સમયે માજી સૈનિકો માટે અનામત જગ્યાઓ રાખવા અંગે સંદર્ભ(૧) હેઠળના સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૪–૩–૭૫ ના જાહેરનામાથી ગુજરાત રાજય સેવા(વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ અને સેવામાં માજી સૈનિકો માટેની અનામત) નિયમો, ૧૯૭૫ ઘડવામાં આવેલ છે. આ નિયમોમાં રાજય સરકારની સીધી ભરતીથી ભરવાની વર્ગ–૩ની જગ્યાઓ અને સેવાઓમાં ૧૦ % જગ્યાઓ અને વર્ગ–૪ ની જગ્યાઓમાં ૨૦ % જગ્યાઓ માજી સૈનિકો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જયારે સંદર્ભ(૩) હેઠળના તા.૨૨–૭–૮૨ના ઠરાવથી રાજય સરકારની વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યામાં તેમજ સંદર્ભ(૫) હેઠળના તા.૨૦–૨–૦૧ ના ઠરાવથી વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યામાં માજી સૈનિકો માટે ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. સંદર્ભ(૪) હેઠળના તા.૧૦–૨–૯૮ ના પરિપત્રથી સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાનું માંગણીપત્રક ભરતી એજન્સીને મોકલવાના નિયત નમુનામાં પણ ઉકત નિયમો હેઠળ માજી સૈનિક માટે કેટલી જગ્યા અનામત રાખવાની છે, તેની ચોકકસ વિગતો નિયત કોલમમાં દર્શાવવાની હોય છે. આમ છતાં, નિમણૂંકી સત્તા ધ્વારા ભરતી એજન્સીને મોકલવામાં આવતાં માંગણીપત્રકોમાં માજી સૈનિકો માટે કેટલી જગ્યાઓ અનામત રાખવાની છે તેની વિગતોનો ઉલ્લેખ થતો નથી.

P.T.O.

પરિણામે ભરતી અંગેની જાહેરાતમાં માજી સૈનિકો માટે કોઈ જગ્યા અનામત હોવાનો ઉલ્લેખ જોવા મળતો નથી, અને પરિણામે આ વર્ગના ઉમેદવારો અનામતનો લાભ મેળવવાથી વંચિત રહેતા હોવાની બાબત સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે.

૨. આથી રાજ્ય સરકાર/પંચાયત સેવાની વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે સા.વ.વિ.ના તા.૪-૩-૭૫ ના જાહેરનામાંથી નિયત થયેલ ટકાવારી મુજબની જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈનું અને તા.૧૦-૨-૯૮, તા.૨૨-૭-૮૨ તથા તા.૨૦-૨-૦૧ ના ઠરાવ/પરિપત્ર મુજબ વર્ગ-૧, ૨, ૩ અને ૪ ની જગ્યાઓમાં માજી સૈનિક ઉમેદવારોને ઉંમરમાં મળવાપાત્ર છૂટછાટનો લાભ આપવા અંગેની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવા તમામ નિમણૂંકી સત્તાને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હેમેન્દ્ર શાહ )
સંયુકત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો (૧૦ નકલો સાથે)
સર્વે ખાતાના વડા/કચેરીના વડા
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ
તમામ માન્ય મંડળો
સીલેકટ ફાઈલ.

પત્ર દ્વારા.